ગાંધીનગર **તાપમાન**

મહત્તમ : ૩૬.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૨ ટકા

# આવતીકાલે ભાનું સપ્તમી: સૂર્ય દેવની ઉપાસનાનો શ્રેષ્ઠ દિવસ

જ્યોતિષશાસ્ત્રમાં સૂર્યદેવને રાજા ગણવામાં આવ્યા છે. સૂર્ય વગર જીવન શક્ય નથી. સમગ્ર બ્રહ્માંડમાં સૂર્ય અજવાશ પૂરો પાડે છે. સૂર્ય દેવની પૂજા માટે રવિવાર અતિ ઉત્તમ ગણાય છે. પરંતુ આ રવિવારે જ ભાનુ સપ્તમી આવી રહી છે. તેથી આ દિવસે કરેલી સૂર્યની પૂજા ચાર ગણુ વધુ ફળ આપે છે. આ વર્ષે ભાનુ સપ્તમી ૨૫ જૂનના રોજ રવિવારે ઉજવવામાં આવશે. ભાનુ સપ્તમીને પણ વિવિધ નામ જેવા કે અર્ક સપ્તમી, અચલા સપ્તમી, રથ સપ્તમી, સૂર્ય સપ્તમી વગેરે જેવા નામથી ઓળખવામાં આવે છે.

**ભાનુ સપ્તમીનું મહત્વ:**

ભાનુ સપ્તમીના દિવસે સૂર્ય ભગવાનને અર્ઘ્ય અર્પણ કરવાથી અને નિયમો અનુસાર તેની પૂજા કરવાથી જીવનમાં ચાલી રહેલી પરેશાનીઓ દૂર થાય છે. પરિવારની વૃદ્ધિની સાથે સાથે જીવનમાં ચાલી રહેલી ધનની અછત પણ દૂર થાય છે. સૂર્યની આરાધના અને લાલ ચંદનથી અર્ઘ્ય અર્પિત કરવાથી ગંભીરથી લઈને ગંભીર રોગો દૂર થાય છે. આ દિવસે સૂર્યદેવ પ્રસન્ન થાય ત્યારે સૌભાગ્ય પ્રાપ્ત થાય છે. જીવનમાં ચાલી રહેલા અવરોધો દૂર થાય છે. મંગળની અશુભ અસર કુંડળીમાં નબળી પડી જાય છે.

**ભાનુ સપ્તમી વિશેષ ઉપાય:**

ભાનુ સપ્તમીની સવારે સૂર્યને અર્ઘ્ય અર્પણ કર્યા પછી આદિત્ય હૃદય સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. તેનાથી સૂર્ય ભગવાનની કૃપા પ્રાપ્ત થાય છે. ભાનુ સપ્તમીના દિવસે સૂર્ય ભગવાનની કૃપા મેળવવા માટે સૂર્યદેવની પૂજા કર્યા બાદ લાલ વસ્ત્ર, ઘઉં, તાંબુ, ગોળ વગેરેનું દાન કરો. કોઈ ગરીબ બ્રાહ્મણને સૂર્ય સંબંધિત વસ્તુઓનું દાન કરવાથી કુંડળીમાં સૂર્ય બળવાન બને છે. ભાનુ સપ્તમીના દિવસે સૂર્ય ચાલીસાનો પાઠ કરવાથી અને સૂર્ય ભગવાનની આરતી કરવાથી પણ ઘણો ફાયદો થાય છે.


**રુદ્ર, આર્દ્રા નક્ષત્રનો દેવતા:**

રુદ્ર આર્દ્રા નક્ષત્રનો દેવતા છે. જે તોફાનો અને આંધીનો સ્વામી છે. આ માત્ર ભગવાન શિવનું સ્વરૂપ છે. તે જ સમયે, જ્યોતિષમાં, રાહુને આ નક્ષત્રનો સ્વામી તરીકે વર્ણવવામાં આવ્યો છે. જે પૃથ્વીનો ઉત્તર ધ્રુવ પણ છે. આ ઉર્ધ્વમુખી નક્ષત્ર છે. એટલે કે આ નક્ષત્રમાં ઉર્ધ્વ ગતિના કાર્યો થાય છે, તેથી જ્યારે સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં હોય છે ત્યારે જ બીજ વાવવામાં આવે છે અને ખેતી શરૂ થાય છે. તેથી જ જ્યોતિષીઓ કહે છે કે આર્દ્રા નક્ષત્રમાં સૂર્યના આગમન સાથે વરસાદની મોસમ શરૂ થાય છે. સૂર્યની ગતિ સાથે ઋતુઓ બદલાય છે સૂર્ય એક મહિના સુધી કોઈપણ રાશિમાં રહે છે. આ રીતે, જ્યારે બે રાશિઓ બદલાય છે, ત્યારે હવામાન પણ બદલાય છે.

જ્યારે સૂર્ય વૃષભ અને મિથુન રાશિમાં રહે છે ત્યારે ઉનાળાની ઋતુ હોય છે, પરંતુ જ્યારે સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં આવે છે ત્યારે તે કર્કની નજીક હોય છે. સૂર્ય કર્ક તરફ આગળ વધતો વરસાદ સૂચવે છે. આ રીતે, જ્યારે સૂર્ય કર્ક અને સિંહ રાશિમાં હોય છે, ત્યારે તે વર્ષાઋતુનો સમયગાળો છે. સૂર્યની ગતિ સાથે ઋતુઓ બદલાય છે સૂર્ય એક મહિના સુધી કોઈપણ રાશિમાં રહે છે. આ રીતે, જ્યારે બે રાશિઓ બદલાય છે, ત્યારે હવામાન પણ બદલાય છે. જ્યારે સૂર્ય વૃષભ અને મિથુન રાશિમાં રહે છે ત્યારે ઉનાળાની ઋતુ હોય છે, પરંતુ જ્યારે સૂર્ય આર્દ્રા નક્ષત્રમાં આવે છે ત્યારે તે કર્કની નજીક હોય છે. સૂર્ય કર્ક તરફ આગળ વધતો વરસાદ સૂચવે છે. આ રીતે, જ્યારે સૂર્ય કર્ક અને સિંહ રાશિમાં હોય છે, ત્યારે તે વર્ષાઋતુનો સમયગાળો છે.



## જન્મદિને વધામણી



બળવંતરાય જે. શુક્લ
નિવૃત્ત આચાર્ય, સે.૨૮
મો. ૯૮૨૪૫ ૬૬૯૬૮



પુષ્પાબેન પરમાર
મો. ૯૯૨૪૧ ૨૮૪૦૫



રશ્મિ મીતેષ મોદી



યશ પટેલ



હાર્દિક સંજયકુમાર શાહ
મો. ૯૨૨૪૪ ૦૦૧૩૧

## ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા એસ.બી.સી.સી. ટીમ દ્વારા અનોખી પહેલ



ગાંધીનગર, તા.૨૩

માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદર ને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમ છતાં વખત તો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાંના ભાગરૂપે માન્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ એ. જે. વૈષ્ણવ ના માર્ગદર્શન હેઠળ માણસા તાલુકાના પ્રા.આ.કે. વેડા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન પર આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા,કેયુર જયસ્વાલ , પુંધરા મેડિકલ ઓફિસર ડૉ.ભૂપેન્દ્ર રાઠોડ અને વેડા મેડિકલ ઓફિસર ડૉ.સંજય પટેલ તેમજ તાલુકા આરોગ્ય સુપરવાઈઝરે હાજરી આપી હતી.ઉકત મિટિંગમાં પ્રા. કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી સાવચેતી વિશે સમજણ આપી હતી અને યોગ,પ્રાણાયામ પણ કરવામાં આવ્યા હતા. આ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ , એફ. સી.એમ.ઈન્જેકશન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને પોષણયુક્ત લીંબુ પાણી અને પૌંઆના અલ્પા આહાર તેમજ તમામ સગર્ભા ને પ્રોટીન પાઉડર આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું.

## જે.એમ. ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલય ખાતે વર્લ્ડ ઓલમ્પિક ડેની ઉજવણી




ગાંધીનગર, તા.૨૩

જે.એમ. ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલય ખાતે વર્લ્ડ ઓલમ્પિક ડે અને વર્લ્ડ હેન્ડબોલ ડેની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યંગ ઓલમ્પિક એમ્બેસેડર અમરસિંહ ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા. તા. ૨૩ જુનને વર્લ્ડ ઓલમ્પિક ડે અને વર્લ્ડ હેન્ડબોલ ડે તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગ રૂપે ગાંધીનગરની જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ તરીકે પસંદ થયેલ શાળા શ્રી જે. એમ. ચૌધરી સાર્વજનીક કન્યા વિદ્યાલય ખાતે ઉજવણી કરવામાં આવી હતી જેમા સવારના કાર્યક્રમમાં હેન્ડબોલ મેચનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે એમેચ્યોર ફેન્સીંગ એસોસીએશન ઓફ ગુજરાત સ્ટેટના મહામંત્રી ભરતજી ઠાકોર, ડી.એલ.એસ.એસ. ડાયરેક્ટર કૌશિક પટેલ, ખેલ મહાકુંભ ટીમ લીડર ઈમરાન પઠાણ, હેન્ડબોલ એસોસીએશન ગુજરાતના મંત્રી રવિન્દ્રસિંહ રાજપુત, શહેર વ્યાયામ શિક્ષક સંઘના પ્રમુખ લાભુભાઈ દેસાઈ, શાળા મેનેજર રીજ્ઞેશભાઈ ચૌધરી અને શાળાના તમામ કોચ અને ટ્રેનર ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોએ પ્રાસંગીક વક્તવ્યમાં ખેલાડીઓને ઓલમ્પિત્ક ડે અને હેન્ડબોલ ડેનુંમહત્વ સમજાવી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે મેડલ જીતી રાજ્યને ગૌરવ અપાવવા માટે પ્રેરણા આપી હતી.

સાંજના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ભારતના યંગ ઓલમ્પિક એમ્બેસેડર અને ગાંધીનગરના વતની એવા અમરસિંહ ઠાકોર જેઓ ગઈકાલે જ એથેન્સ, ગ્રીસ ખાતેઆયોજીત ૬ ઉમા યંગ ઓલમ્પિક એમ્બેસેડર સેશનમા ભારતનુંપ્રતિનિધિત્વ કરીપરત આવ્યા છે. અમરસિહે ખેલાડીઓ સાથેના વાર્તાલાપમાંઓલમ્પિક મુવમેન્ટ અંગે માહિતી આપી હતી અને ઓલમ્પિક વેલ્યુને જીવનમાં આત્મસાત કરવા અપીલ કરી જણાવ્યુ હતુ કે, તમારા પોતાના પર વિશ્વાસ રાખો કે, તમારા માટે કંઈ અઘરૂ નથી અને તમે ધારી સફળતા મેળવી શકો છો.

## ગાંધીનગર મહાનગર ભાજપ દ્વારા માર્ગદર્શન કાર્યશાળા તેમજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૨૩

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસન નેતૃત્વમાં સફળતાપૂર્વક ૯ વર્ષ પૂર્ણ થવાના અનુસંધાને પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરની વર્ચ્યુઅલ ઉપસ્થિતમાં ગાંધીનગર મહાનગરમાં અલ્પકાલીન વિસ્તારક "માર્ગદર્શન કાર્યશાળા" તેમજ ભારતીય જનસંઘના સંસ્થાપક ડૉ.શ્યામા પ્રસાદ મુખર્જીના બલિદાન નિમિતે "બ્લડ ડોનેશન" કેમ્પનું આયોજન સેકટર-૨૮ ખાતે કરવામાં આવ્યું હતું.

આ અવસરે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા ઉપસ્થિત રહી માર્ગદર્શન પ્રાપ્ત કર્યુ હતું તેમજ રક્તદાતાઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ દરમ્યાન મેયર એ રક્તદાનના ભગીરથ કાર્યમાં સૌને જોડાવા અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં ગાંધીનગરના પ્રભારી નૌકાબેન પ્રજાપતિ, ધારાસભ્ય રીટાબેન પટેલ, શહેર અધ્યક્ષ રુચિરભાઈ ભટ્ટ, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, શહેર મહામંત્રી કનુભાઈ દેસાઈ, ધર્મેન્દ્રસિંહ વાઘેલા, કાઉન્સિલર, વિસ્તારક તેમજ મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહયા હતા.



સિનિયર સિટીઝન પરિવાર સેક્ટર ૨૧ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## એબીવીપી દ્વારા IITE યુનિ.ના પદવીદાન સમારોહ પહેલા વિરોધ પ્રદર્શન



ગાંધીનગર, તા.૨૩

તા.૩૦ જૂન ૨૦૨૩ ના રોજ ગાંધીનગર સ્થિત IITE યુનિવર્સિટીનો પદવીદાન સમારોહ યોજાવા જઈ રહ્યો છે જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક મેળવેલ વિદ્યાર્થીઓનું સન્માન થશે. પરંતુ આ વખતે તેના B.A.B.Ed. અભ્યાસક્રમમાં સુવર્ણ પદક આપવામાં આવનાર વિદ્યાર્થીઓ ઉપરાંત Semester University Exam 2023 માં પોતે ગેરરીતિ કરતાં પકડાયેલા વિદ્યાર્થી પાસે જે તે સમયે જ ગેરરીતિ માટે માફિનામું લખાવવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ શિક્ષકો તૈયાર કરવાનો દાવો કરતી યુનિવર્સિટીમાં ગેરરીતિ કરતાં પકડાયેલ વિદ્યાર્થીને શ્રેષ્ઠ વિદ્યાર્થીની સિદ્ધિ રૂપી સુવર્ણ પદક આપવામાં આવે એ તદ્દન ગેરવ્યાજબી છે તેમજ મહેનતુ અને પ્રમાણિક વિદ્યાર્થીઓ પ્રત્યે ઘોર અન્યાય છે. આ ઘટના સમાજનો શૈક્ષણિક સંસ્થા પ્રત્યેનો વિશ્વાસ તોડે છે.

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ માંગ કરે છે કે ૮ યુનિવર્સિટીના આ ૨૦૨૩ના પદવીદાન સમારોહમાં સુવર્ણ પદક માટે ફરીથી તપાસ થાય અને તે પરીક્ષામાં ગેરરીતિ કરતાં પકડાયેલા વિદ્યાર્થીને નહીં પરંતુ સાચી મહેનતથી અને પ્રામાણિકતાથી પરીક્ષા લખનાર વિદ્યાર્થીને એનાયત થાય.

## વી.એમ. પટેલ કુમાર બાલમંદિરમાં વિશ્વયોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી વી.એમ. પટેલ કુમાર અને શ્રીમતી એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમાં વિશ્વ યોગદિનની ઉજવણી કરવામાં આવી જેમાં આચાર્ય રામી મીનાક્ષીબેન અને શિક્ષકમિત્રોએ બાલમંદિરના નાના નાના બાલુડાઓ સાથે સફેદ વસ્ત્રોમાં સજ્જ થઈને યોગ કરવામાં ખુબજ તત્પર હતા. શિક્ષકમિત્રોએ જુદા જુદા પ્રાણાયમ, અનુલોમ વિલોમ અને યોગાસન શીખવવામાં આવ્યા. બાળકોએ પણ હોંશભેર હળવી કસરતો અને યોગા કર્યા હતા.

## YMCA ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે ક્વિઝનું આયોજન

### આ વિકેન્ડને વધુ રસપ્રદ બનાવો 'ધ ગ્રેટ ફેમિલી ક્વિઝ' સાથે

એન્ટરટેઈનીંગ અને ફન ફેક્ટ્સ પર આધારિત 'ધ ગ્રેટ ફેમિલી કવીઝમાં ઉપસ્થિત રહેવા અને ભાગ લેવા માટે જાહેર આમંત્રણ છે.આ કવિઝનું આયોજન YMCA અને kwizmate દ્વારા સયુંકત રીતે રવિવાર, ૨૫ જૂન, ૨૦૨૩ ના રોજ સાંજે ૫,૪૫ વાગ્યે YMCA ઈન્ટરનેશનલ સેન્ટર ખાતે કરવામાં આવ્યું છે.શોનું સંચાલન અનુભવી અને અગ્રણી ક્વિઝમાસ્ટર સંજય ચક્રવર્તી દ્વારા કરવામાં આવશે. આ એક ઓપન ક્વિઝ છે જેમાં બધા માટે એન્ટ્રી ફ્રી છે, જે માટે Kwizmateના સોશ્યલ મીડિયા હેન્ડલ પર જઈ ફ્રી ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે.વધુ માહિતી માટે સંજય ચક્રવર્તી મો.૯૮૨૫૦ ૨૨૬૦૨ નો સંપર્ક કરવા જણાવ્યું હતું.

## પતંજલિ પરિવાર ગાંધીનગર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર અને મહિલા પતંજલિ યોગ સમિતિ ગાંધીનગર અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા ૯ મા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના ભાગ સ્વરૂપે ગાંધીનગર જિલ્લાના સેક્ટર ૨૨ શ્રેયસ સોસાયટી ગાર્ડન, ગિફ્ટ સિટી ગાંધીનગર, ત્રિમંદિર અડાલજ, સેક્ટર ૨૩ કડી સ્કૂલ, આર્મી કેમ્પ ચિલોડા, બેંક ઓફ બરોડા ગાંધીનગર, માણસા, કલોલ અને દહેગામ જેવા વિવિધ સ્થાનોએ ૨૧ જુન પ્રોટોકોલનો યોગ અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. પતંજલિ યોગ સમિતિ ગાંધીનગરમાંથી સેક્ટર ૨૨ ખાતે યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરી યજ્ઞ પ્રભારી ગીતાબેન જોબનપુત્રા મહિલા પ્રભારી ડોક્ટર નેહલ દેસાઈ, સીતાબહેન બાવરી દ્વારા યોગ અભ્યાસ કરાવવામાં આવ્યા હતા. પતંજલિ યોગ સમિતિ ગાંધીનગરમાંથી ગિફ્ટ સિટી ગાંધીનગર ખાતે યુવતી પ્રભારી ઉર્મિલાબેન ઝણકાટ, યુવા પ્રભારી પ્રકાશભાઈ વણઝારા, સંવાદ પ્રભારી ટીના બહેન રાજપુત દ્વારા યોગ અભ્યાસ કરાવવામાં આવ્યા હતા. ત્રિમંદિર ખાતે પતંજલિ જિલ્લા અધ્યક્ષ યોગાચાર્ય ડોક્ટર કાનજીભાઈ બાવરી તથા મીડિયા પ્રભારી આશિષભાઈ દેસાઈ દ્વારા યોગ અભ્યાસ કરાવવામાં આવ્યા હતા.





## સરસ્વતી વિદ્યાલય ખાતે વિશ્વ યોગ દિવસ ઉજવાયો



ગાંધીનગર, તા. ૨૩

વિશ્વ યોગ દિન નિમિત્તે સે. ૬માં આવેલી સરસ્વતી વિદ્યાલયમાં યોગના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ સેક્ટર-૫ના બગીચામાં યંગ ઓલ્ડ યોગાસન ગૃપના યોગગુરુ સુરેન્દ્રસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો.

## ચૌધરી નર્સિંગ કોલેજ ખાતે વિશ્વ યોગ દિવસની ઉજવણી



ગાંધીનગર, તા. ૨૩

ચૌધરી ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગમાં બેઝીક બી.એસ.સી. નર્સિંગ, જી.એન.એમ. તથા પોસ્ટ બેઝિક બી.એસ.સી. નર્સિંગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ દ્વારા કોલેજ કેમ્પસમાં તા. ૨૧-૬-૨૦૨૩ બુધવારના રોજ 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યોગા ટીચર મિસ. ચાર્મી સુથાર દ્વારા યોગા શીખવવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમમાં નર્સિંગ પ્રિન્સિપાલશ્રી, ડૉ. મયુક જૈન, ફેકલ્ટી મેમ્બર તથા નોન-ટીચીંગ મેમ્બરની ઉપસ્થિતિમાં યોગાસન કરીને 'વિશ્વ યોગ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.ચાવડા રણજીતસિંહ રઘુવીરસિંહ** ઉ.વ.૮૦, ગાંધીનગર
- **સ્વ.જેઠવા જ્ઞાનસિંહ ગગુભા** ઉ.વ.૬૨, ગાંધીનગર
- **સ્વ.પંચોલી આનંદીબેન ડાહયાલાલ** ઉ.વ.૮૦, માણેકપુર, માણસા